# મોટાકરણપુરા પ્રાથમિક શાળા

**મુ:-મોટાકરણપુરા , તાલુકો:-દેત્રોજ-રામપુરા , જિલ્લો:-અમદાવાદ , પીન:-૩૮૨૧૨૦**

**તારીખ:- 10 / 07 /**2023

# સ્કૂલ બર્થ ડે ૪૪માંનો અહેવાલ-2023

આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શાળાઓના જન્મદિવસની ઉજવણીના આહવાન બાદ સરકારી પ્રાથમિક શાળાઓના જન્મ દિવસની ઉજવણી કરવાનું નક્કી કરાયું છે. ગામની પ્રાથમિક શાળાના જન્મદિવસની ઉજવણી સમગ્ર ગામ એકરૂપ બનીને ઉત્સાહના વાતાવરણમાં કરે તેવું આહવાન વડાપ્રધાન દ્વારા કરવામાં આવ્યું હતું.તે અંતર્ગત આજરોજ અત્રેની શાળાનો ૪૪ માં જન્મ દિવસની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દિવસની બાળકોને અગાઉથી માહિતી આપવામાં હતી.આ દિવસે બાળકોએ શાળા સ્વચ્છતા ખૂબ હોશેહોશે કરી.રાબેતા મુજબ પ્રાર્થનાસભા બાદ શાળાના આચાર્યશ્રી દ્વારા શાળાને કેટલા વર્ષ થયા.તેની વિગતે માહિતી આપવામાં શાળાની જન્મ તારીખ એટલે કે (શાળાની સ્થાપના તારીખ.) શાળાની શરૂઆત કયાંથી થઇ ક્યાં કરવામાં આવી વિગેરે માહિતી ગામના વડિલો પાસેથી મેળવેલ હતી તે માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી.

શાળાના શિક્ષિકાબેનશ્રી જ્યોત્સનાબેન દ્વારા શાળા આપણા જીવનનો પાયો છે તે બાબતે ખૂબ સરસ માહિતી બાળકોને આપી. તેમજ શિક્ષિકાબેનશ્રી ગાયત્રીબેન દ્વારા આ બાબતે ખૂબ સરસ માહિતી બાળકોને આપી.

ત્યારબાદ કેક બિસ્કીટમાંથી બનાવવામાં આવેલ સરસ બોર્ડ પર સુશોભન કરવામાં આવ્યું બાળકોએ હોંશે હોંશે હેપી બર્થડે ગીત તાલ બદ્ધ રીતે ગાઈ તાલીઓના ગડગડાટ વચ્ચે બધાએ મો મીઠું કર્યું.

શાળાના દરેક બાળકોએ તેમજ શિક્ષકોએ શાળાના જન્મ દિવસે ગૌરવ અનુભવ્યું શાળા એ માત્ર ચાર દીવાલનું સ્થળ નથી,પરંતુ સમગ્ર ગામની પ્રાણશક્તિનું પ્રતિક છે. ગામના દરેક નાગરિકે શાળાનું સદાય ગૌરવ અનુભવવાનું છે. આમ આનંદથી શાળા જન્મ દીવસની ઉજવણી કરવામાં આવી.